ગુજરાત યુનિવર્સિટીએ એકતા દિવસની ઉજવણી કરી સરદારના  સંસ્મરણો તાજાં કર્યાં

ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે આજરોજ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે આઝાદીના અમૃત મ્હોંસત્વની ઉજવણી પ્રસંગે રાષ્ટ્રની એકતા અને અખંડિતતાના પ્રહરી સરદાર વલ્લભાઈ પટેલના જીવન પર લિખિત ૭૫ પુસ્તકોનું પ્રદર્શન યોજી એકતા દિવસની ઉજવણી કરવામાં હતી. આ પ્રસંગે પ્રદર્શનને ખુલ્લું મુક્તા ગુજરાત યુનિવર્સિટીના ઉપ-કુલપતિ શ્રી ડો. જગદીશ ભાવસારે યુનિવર્સિટી, શહેર , ગુજરાત અને દેશ સાથેના સરદાર વલ્લભભાઈ પટેલના સંસ્મરણોને તાજાં કર્યાં હતા.ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી , રજીસ્ટ્રાર એ આ પ્રસંગે શુભકામના પાઠવી હતી.

સરદાર પટેલના લિખિત ૭૫ પત્રોનું વર્ચ્યુઅલ પ્રદર્શન ગુજરાત યુનિવર્સિટીના કાં. ગ્રંથપાલ ડો.યોગેશ પારેખના માર્ગદર્શનના ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયની  વેબસાઈટ પર ખુલ્લું મુકવામાં આવ્યું હતું .

ગુજરાત યુનિવર્સિટી એન.એસ.એસના ઉપક્રમે આઝાદીકા અમૃતમહોસ્તવ યુવા સંકલ્પકે પાંચ પ્રકલ્પ અન્વયે ૨૯ ઓક્ટોમ્બરથી પ્રારંભ થયેલાં ત્રિદિવસીય ગ્રામ્ય  શિબિરમાં ૭૫ ગામોમાં એકતા દિવસ ઉજવાયો હતો.




